વૈષ્ણવબાલગ્રંથમાલા—અંક ૧

॥ श्रीनटवरवपुर्जयति ॥

વૈષ્ણવબાલશિક્ષા.

[પહેલો ભાગ.]

તૃતીયપીઠાધીશ્વર ગોસ્વામીશ્રી શ્રીવલ્લભાચાર્યજી મહારાજની આજ્ઞાથી
લેખક અને પ્રકાશક—વસંતરામ શાસ્ત્રી.
આવૃત્તિ ૩ જી   પ્રત ૧૦ હજાર.   સં ૧૯૮૫.
કીંમત નવ પાઈ

૧૨૦૪૯

गूजरात विद्यापीठ ग्रंथालय
(गूजराती कॉपीराईट विभाग)

अनुक्रमांक ૧૨૦૭૮ ग्रंथांक

पुस्तकनुं नाम ચૈતન્ય ચરિતામૃત

विषय મ૬૪ ૮૪૬ પ૨૨૬૩

॥ श्रीनटवरवपुर्जयति ॥

વૈષ્ણવબાલશિક્ષા.

(પહેલો ભાગ)

ચતુર્થપંચમપીઠાધીશ્વર ગોસ્વામી શ્રી ૬
શ્રીવલ્લભાચાર્યજીમહારાજશ્રીની આજ્ઞાથી

વસંતરામ શાસ્ત્રી.

ત્રીજી આવૃત્તિ.

પ્રત ૧૦ હજાર.

વાંચકો તથા શિક્ષકો પ્રત્યે-

વૈષ્ણવધર્મના સિદ્ધાંતો જાણવા માટેના ગ્રંથોનો પાર નથી. એવા કેટલાએ ગ્રંથો હાલમાં બહાર પડયા છે. પણ વૈષ્ણવોનો મોટો ભાગ પૂછે છે કે અમારૂં કર્તવ્ય શું ? સવારથી લઇને સાંજ સુધી અમે વૈષ્ણવ તરીકે શું કરીએ ? આને માટે આ એક પ્રયાસ છે. એક નાના બાલકથી એક વૃદ્ધ સુધીના દરેકને માટે આવા પુસ્તકની જરૂર છે. વૈષ્ણવ પાઠશાલાઓએ પણ આનો આદર કરવો ઘટે. સાંપ્રદાયિક વિદ્વાન શિક્ષકો આ પુસ્તકનો બાલકને અભ્યાસ કરાવે અને શ્રીવલ્લભાધીશ્વરનાં અને તેઓશ્રીના વંશ તથા સેવ્ય સ્વરૂપોના ચરિત્રો કહે માત્ર નામ જ ગોખાવીને ન જ બેસી રહે. બીજા ભાગમાં આનાથી પણ કેટલીક વિશેષ માહીતી મળશે, આ ભાગ માટે તો આટલુંજ પુરતું છે

વસંતરામ શાસ્ત્રી.

બીજી આવૃત્તિ.

પહેલી આવૃત્તિની પાંચ હજાર નકલો તુરત જ ખપી ગઈ. સંપ્રદાયના ઉત્તમ વિદ્વાનોએ ઘણા સારા અભિપ્રાયો લખી મોકલ્યા. પાઠશાલાઓએ એને અપનાવી. આથી વધુ હું શું ચાહું ?

પહેલી આવૃત્તિ-પાંચ હજાર.

બીજી આવૃત્તિ-પાંચ હજાર. ૧-

ત્રીજી આવૃત્તિ-દશ હજાર

॥ श्रीकृष्णाय नमः ॥

વૈષ્ણવબાલશિક્ષા.

(પ્રથમ ભાગ)

પ્રભાતના ૧૦ વાગ્યાનો સમય છે મંદિરના મેડાપર બેઠકમાં શ્રીગુરુદેવ બિરાજી રહ્યા છે આપશ્રી સંધ્યા, જપ, પાઠ, વગેરે નિત્ય નિયમ કરી રહ્યા છે. ઘણા વૈષ્ણવો દર્શન કરવા આવેલા છે કેટલાક વૈષ્ણવો ભેટ ધરીને શ્રીગુરુદેવના દર્શન કરે છે, તે પછી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને શાંતિથી નમ્રતા સાથે શ્રીગુરુદેવની સામે બેસે છે

કૃષ્ણદાસે આજે જ બ્રહ્મસંબંધનો મંત્ર લીધો છે પહેલે દિવસે તેણે ઉપવાસ કર્યો હતો. આજે વહાણામાં સ્નાન કરીને પવિત્ર સ્થિતિમાં તેણે દીક્ષા લીધી હતી. શ્રીગુરુદેવે તેના હાથમાં તુલસીપત્ર આપીને બ્રહ્મસંબંધનો મંત્ર તેની પાસે બોલાવ્યો અને પછી તેના હાથમાંથી તુલસીપત્ર લઇને શ્રીપ્રભુનાં ચરણકમલમાં પધરાવી દીધા. ત્યારબાદ કૃષ્ણદાસે શ્રીગુરુદેવ તથા શ્રીપ્રભુને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને શ્રીગુરુદેવની આજ્ઞા માગી શ્રીગુરુદેવે પ્રસન્નતાથી તેને આજ્ઞા આપી. કૃષ્ણદાસ ઘેર જઇને મહાપ્રસાદ લઇને હમણાં જ શ્રી ગુરુદેવ પાસે આવ્યો છે શ્રી

ગુરુદેવને શ્રીફૂલભેટ ધરીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને સામે નમ્રતાથી તે બેઠો છે કૃષ્ણદાસ કંઈ પૂછવા આવેલો હોય એમ જણાતું હતું શ્રીગુરુદેવે તેના અંતરની વાત જાણી લીધી. તે પછી નીચે મુજબ સવાલજવાબો થયા

શ્રીગુરુદેવ—કેમ કૃષ્ણદાસ ! શા વિચારમાં પડ્યા છો ?

કૃષ્ણદાસ—કૃપાનાથ ! ખચિત જ, હું એક વિચારમાં પડ્યો છુ. મારા મનમાં આજે કેટલાએ તર્કવિતર્ક ઉઠી રહ્યા છે જો આપશ્રીની આજ્ઞા હોય તો તે નિવેદન કરુ

શ્રીગુરુદેવ—ભલે, ઘણી ખુશીથી જણાવો.

કૃષ્ણદાસ—પ્રભો ! આજે આપે મને બ્રહ્મસંબંધ મંત્ર આપ્યો તેથી એક સામાન્ય માણસ કરતાં મારી જોખમદારી વધી એટલું હું સમજુ છુ આજથી બધા મને વૈષ્ણવ કહી રહ્યા છે પણ વૈષ્ણવ થયા પછી શું કરવું તેની કશી સમજણ મારામાં નથી તો કૃપા કરીને આજે મને મારા કર્તવ્યનું ભાન કરાવશો. એટલો પરિશ્રમ આપ અવશ્ય લેશો.

કૃષ્ણદાસ એક કેલવણી પામેલો સંસ્કારી યુવક હતો એના માબાપ ચુસ્ત વૈષ્ણવ હતા. ઘણે વર્ષે પોતાના ગામમાં શ્રીગુરુદેવ પધાર્યા તેથી તેને બ્રહ્મસંબંધમંત્રનું દાન આજે જ થયું હતું કૃષ્ણદાસની ઉમ્મર ૧૭ વર્ષની હશે

ઉપર જણાવેલા કૃષ્ણદાસના પ્રશ્નથી શ્રીગુરુદેવ ઘણાજ રાજી થયા, અને ઘણા સ્નેહથી તેની સાથે વાતો કરવા લાગ્યા.

શ્રીગુરુદેવ–ભાઈ કૃષ્ણદાસ, તારા પ્રશ્નથી આજ અમને ઘણોજ હર્ષ થાય છે અમારા ચાલુ પ્રવાસમાં તારા જેવો પ્રશ્ન કરનાર તો તું એકજ મળ્યો છે. આમ તો હજારો વૈષ્ણવો અમારી પાસે આવે છે અને જાય છે, તેમજ સંસારની કથનીઓ અમારી પાસે કરે છે, પણ પોતાનું કર્તવ્ય શું છે તે જાણવાની કોઇને ઈચ્છા થતી નથી. અમને તો ઉલટુ આશ્ચર્ય થાય છે કે તને આ વિકરાલ કાલની અસર કેમ થઇ નથી ! તારા જેવા સેવકને જોઇને અમને સંતોષ થાય છે. ઠીક, કૃષ્ણદાસ, તમે સવારમાં ક્યારે ઉઠો છો અને ઉઠતાવેંત શું કરો છો, તે જરા કહેશો ?

કૃષ્ણદાસ—હા, કૃપાનિધાન ! હુ પરોઢિયામા બરો બર પાચ વાગે જાગુ છુ.

ગુરુદેવ—એટલુ બધુ વહેલું ઉઠવાનું કારણ શુ ?

કૃષ્ણદાસ—વૈદકશાસ્ત્ર કહે છે કે તંદુરસ્ત માણસોએ પોતાની આવરદા વધારવા માટે દરરોજ વહેલાં ઉઠવું જોઇએ. એ વિષે એક દોહરો મને યાદ છે—

રાતે વહેલાં સુઇ જાઇ, વહેલા ઉઠે વીર,
બળબુદ્ધિ બહુ ધન વધે, સુખી રહે શરીર.

ગુરુદેવ—ઠીક પછી તમે શુ કરો છો ?

કૃષ્ણદાસ—ત્યાર બાદ "શ્રીવલ્લભાધીશ, શ્રીમહાપ્રભુ, શ્રીગુસાંઇજી, શ્રીગુરુદેવ, શ્રીયમુનાજી, શ્રીનાથજી" એટલા પવિત્ર અને મંગળ નામો બોલું છું તે પછી શ્રીઠાકુરજીની અને આપશ્રીની છબીના દર્શન કરૂં છું

ગુરુદેવ—ધન્ય છે કૃષ્ણદાસ ! તને ધન્ય છે, બહુ જ સુંદર પ્રાત સ્મરણ તું કરે છે હવે તને કાંઈ તે વિષે વધારે સમજાવવાની જરૂર રહેતી નથી માત્ર એ જ ભાવાર્થના સંસ્કૃત શ્લોકો તને શિખવવા પડશે અમે બોલીએ તે પ્રમાણે તુ લખી લે

ગુરુદેવ નીચે લખેલા શ્લોકો બોલે છે અને કૃષ્ણદાસ તે લખી લે છે.

શ્રીગોવર્ધનનાથપાદયુગલં હૈયંગવીનપ્રિયં
નિત્યં શ્રીમથુરાધિપં સુખકરં શ્રીવિઠ્ઠલેશં મુદા ॥
શ્રીમદ્દ્વારવતીશગોકુલપતી શ્રીગોકુલેન્દું વિભું
શ્રીમન્મન્મથમોહનં નટવરં શ્રીબાલકૃષ્ણં ભજે ॥૧॥

(અર્થ—શ્રીનાથજી, શ્રીનવનીતપ્રિયાજી, શ્રીમથુરેશજી શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીદ્વારિકાધીશજી, શ્રીગોકુલનાથજી, શ્રીગોકુલચંદ્રમાજી, શ્રીમદનમોહનજી, શ્રીનટવરલાલજી અને શ્રીબાલકૃષ્ણજી, એમનું હું સ્મરણ કરૂં છું)

શ્રીમદ્વલ્લભવિઠ્ઠલૌ ગિરિધરં ગોવિન્દરાયાભિધં
શ્રીમદ્બાલકકૃષ્ણગોકુલપતી નાથં રઘૂણાંસ્તથા ॥
એવં શ્રીયદુનાયકં કિલ ઘનશ્યામં ચ તદ્વંશજાન્
કાલિન્દીં સ્વગુરું ગિરિં ગુરુવિભું સ્વીયપ્રભૂંશ્ચ સ્મરેત્‌॥

(અર્થ—શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઈજી, શ્રીગિરિધરજી, શ્રીગોવિંદરાયજી, શ્રીબાલકૃષ્ણજી, શ્રીગોકુલનાથજી, શ્રીરઘુનાથજી, શ્રીયદુનાથજી, શ્રીઘનશ્યામજી, એમનો સમસ્ત વંશ શ્રીવલ્લભકુલ, શ્રીયમુનાજી, પોતાના ગુરુદેવ, શ્રીગિરિરાજજી, શ્રીદાઉદયાલ અને પોતાને માથે બિરાજતા પ્રભુ એ બધાનુ સ્મરણ કરવું)

શ્રીગુરુદેવ—વહાણામા ઉઠતાવેંત જ આ બે શ્લોકનો પાઠ કરવા તેમ જ પહેલા શ્લોકમા પ્રભુના ૧૦ સ્વરૂપોના નામો છે એ નામો બોલતી વેળાએ એ સ્વરૂપોનું મનથી સ્મરણ કરવું બીજા શ્લોકમા શ્રીગુરુદેવના અને બીજા સ્વરૂપોના નામો છે તેમનું પણ ધ્યાન કરવું. આપણા આખા સંપ્રદાયના શ્રીગુરુદેવ શ્રીમદ્વલ્લભાચાર્યજી મહાપ્રભુજી છે એઓશ્રીએ આપણાપર દયા કરીને પ્રભુને મેળવવાનો સુદર અને સહેલો રસ્તો બતાવ્યો છે. અત્યારે પણ પોતાના વંશમાં એઓશ્રી બિરાજે છે અને આપણને બ્રહ્મસંબધનો મંત્ર આપીને, પ્રભુની સેવાનો માર્ગ બતા-

વીને, પ્રભુને મળવા માટે લાયક બનાવે છે. તેથી આપણા શ્રીમહાપ્રભુજી કોઇ બીજા નહિ, પણ આપણને બ્રહ્મસબંધ મંત્ર આપનારા આપણા શ્રીગુરુદેવ જ છે, એમ ખાત્રીથી માનજો. વળી ગુરુ તો સાક્ષાત્ પ્રભુ જ છે એમ વેદ પણ કહે છે. તેથી શ્રીગુરુદેવનું સ્મરણ તો હરહમેશ કરવું.

ઉપરના બન્ને શ્લોકોમાં પ્રભુના અને શ્રીમહાપ્રભુજીના જુદાં જુદાં સ્વરૂપોનાં નામો છે. અત્યારે તે સ્વરૂપો ક્યાં બિરાજે છે અને તેમની સેવા કોણ કરે છે તે નીચેના કોષ્ઠકથી જણાશે:—

કોનુ સ્વરૂપ?	સ્વરૂપનુ નામ.	અત્યારે કોણ સેવે છે?	ક્યા બિરાજે છે?
શ્રીમહાપ્રભુજી	શ્રીનાથજી	તિલકાયિત શ્રીગોવર્ધનલાલજી મહારાજ	શ્રીનાથદ્વારા
શ્રીગુસાંઇજી	શ્રીનવનીતપ્રિયાજી	,,	,,
શ્રીગિરિધરજી	શ્રીમથુરેશજી	શ્રીગિરિધરજી મહારાજ	શ્રીકોટા
શ્રીગોવિંદરાયજી	શ્રીવિઠ્ઠલનાથજી	શ્રીગોપેશ્વરલાલજી મહારાજ	શ્રીનાથદ્વારા
શ્રીબાલકૃષ્ણજી	શ્રીદ્વારિકાધીશજી	શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ	શ્રીકાંકરોલી
શ્રીગોકુલનાથજી	શ્રીગોકુલનાથજી	શ્રીવલ્લભાચાર્યજી મહારાજ	શ્રીગોકુલ
શ્રીરઘુનાથજી	શ્રીગોકુલચંદ્રમાજી	,,	શ્રીકામવન

શ્રીયદુનાથજી	શ્રીકલ્યાણરાયજી*	શ્રીવલ્લભલાલજી મહારાજ	વડોદરા
શ્રીઘનશ્યામજી	શ્રીમદનમોહનજી	શ્રીરમણજી મહારાજ	કામવન

ગોદનાં સ્વરૂપો.

શ્રીનટવરલાલજીનું સ્વરૂપ શ્રીમહાપ્રભુજીએ સેવેલું છે અને તે શ્રીમથુરેશજી પાસે બિરાજતું હતું, તેને હાલ અમદાવાદમાં ગો શ્રી૬ શ્રીમધુસૂદનલાલજી મહારાજ સેવે છે.

શ્રીબાલકૃષ્ણલાલનું સ્વરૂપ શ્રીમહાપ્રભુજીએ સેવેલું છે અને તે શ્રીદ્વારકાધીશની ગોદમાં બિરાજતું હતું, તેને હાલ સુરતમા ગો. શ્રી૬ શ્રીવ્રજરત્નલાલજી મહારાજ સેવે છે. આ પ્રમાણે ૧૦ સ્વરૂપો થયાં.

આમાં એટલું સમજવાનું છે કે, શ્રીમહાપ્રભુજીના બે કુમાર, એક તો શ્રીગોપીનાથજી અને બીજા શ્રીગુસાંઇજી અથવા શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીગોપીનાથજીનો વંશ ચાલ્યો નથી, ને શ્રીગુસાંઇજીનો વંશ વધ્યો છે. શ્રીગુસાંઇજીના શ્રીગિરિધરજી આદિ સાત કુમારો થયા તેથી સાત ઘર કહેવાયાં. હજુ પણ તે સાત ઘર ચાલુ છે અને ઉપર જણાવેલા સ્વરૂપો તેમાં બિરાજે છે.

---

*અત્યારે શ્રીયદુનાથજીના મોટા ઘરમા શ્રીકલ્યાણરાયજી ઠાકુરજી વડોદરામા બિરાજે છે શ્રીયદુનાથજીએ પોતે કોઇ પણ એક ઠાકુરજીને સેવ્યા નથી તેઓશ્રી બધા ભાઇઓના ઘરમા પધારતા, પણ અત્યારે તેઓશ્રીના વંશમા શ્રીકલ્યાણરાયજી બિરાજે છે

ઠીક કૃષ્ણદાસ, તમને ગાતાં આવડે છે કે નહિ?

કૃષ્ણદાસ—હા કૃપાનાથ! હું થોડું શીખ્યો છુ

શ્રીગુરુદેવ—તો નીચેના બે પદો દરરોજ સવારના ગાતા ગાતા બોલજો.

રાગ બિભાસ અથવા ભૈરવ

જય જય શ્રીવલ્લભ પ્રભુ, શ્રીવિઠ્ઠલેશ સાથે,
નિજ જનપર કરત કૃપા, ધરત હાથ માથે,
દોષ સબે દૂર કરત, ભક્તિભાવ હૃદય ધરત,
કાજ સબે સરત સદા, ગાવત ગુણ ગાથે. જય જય૦
કાહેકો દેહ દમત સાધન કર મૂરખ જન?
વિદ્યમાન આનંદ ત્યજ ચલત કયો અપાથે?
રસિક ચરનશરન સદા રહતહે બડભાગી જન,
અપનો કર ગોકુલપતિ ભરત નાહિ બાથે જય જય૦

શ્રી યમુનાજી.

શ્રીયમુનાજી તિહારો દરશ મોહે ભાવે.
શ્રીગોકુલકે નિકટ બહત હો, લહરનકી છબ આવે શ્રી
દુ:ખહરની સુખદેની શ્રીયમુનાજી, જે જન પ્રાત ઉઠ નહાવે,
મદનમોહનજૂકી ખરી યે પીયારી, પટરાની જૂ કહાવે. શ્રી.
વૃંદાવનમે રાસ રચ્યો હે, મોહન મુરલી બજાવે.
સૂરદાસ પ્રભુ તિહારે મિલનકો, એહ બિમલ જશ ગાવે શ્રી.

કેમ કૃષ્ણદાસ, પ્રભુનું સ્તવન કર્યા પછી માતપિતાને વંદન કરો છો કે ?

કૃષ્ણદાસ—હા, કૃપાનાથ ! પ્રાતઃસ્મરણ પછી માતપિતાને તથા ઉમ્મરમા મોટા દરેક મુરબ્બીઓને પ્રણામ કરીને "જય શ્રીકૃષ્ણ" બોલુ છુ.

ગુરુદેવ—આપણા સંપ્રદાયની એ જ રીત છે સર્વના હૃદયમા અન્તર્યામિ-સ્વરૂપે શ્રીકૃષ્ણ બિરાજે છે, માટે આપણે તો નાનામોટા બધાને "જયશ્રીકૃષ્ણ" કહેવા ઘટે શ્રીગોકુલનાથજીની ગાદીના વૈષ્ણવો "જે જે શ્રીગોકુલેશ" કહે છે ત્યાર પછી તમે શુ કરો છો ?

કૃષ્ણદાસ—તે પછીનો કેટલોક સમય દેહને લગતી શૌચ ક્રિયામા જાય છે પહેલા તો અમે સરખી ઉમ્મરના સાથે મળીને ગરમાગરમ ચાહ પીતા હતા પણ જ્યારથી આપણા સંપ્રદાયના જાણીતા માસિક "વૈષ્ણવધર્મપતાકા" મા ચાહ વિષેનો લેખ વાચ્યો ત્યારથી અમને ખાતરી થઇ છે કે, ચાહ પીવો અને ઝેર પીવું એ બરોબર છે, ઝેર તુરત પ્રાણ હરી લે છે અને ચાહ રીબાવી રીબાવીને માણસને મડદાલ બનાવી દે છે, તેથી અમે ચાહ છોડી દીધી છે ચાહને બદલે અમે ગાયનું પવિત્ર દૂધ પીએ છીએ. અમારે ઘેર ગાય છે, એનું દૂધ દોહીને સવારમાં

મંગલભોગમાં પ્રભુને ધરવામાં આવે છે, તે જ પ્રસાદી દૂધ અમને પીવા મળે છે. એવીજ રીતનો ઘણો ફેરફાર અમે શૌચક્રિયામાં પણ કર્યો છે. પહેલાં અમે સાબુ અથવા ગાભથી હાથ પગ ધોતા હતા, પણ માટીના ગુણ જાણ્યા પછી હવે માટીથી ધોઈએ છીએ માટી ગુણમા ઠંડી હોય છે હાથપગ ધોતી વેળાએ જો તેનો ઉપયોગ થાય તો આખા શરીરની ગરમી તે હરી લે છે. જેમ આખા શરીરમાંની ઠંડી હાથપગના તળીઆ તપાવવાથી ચાલી જાય છે, તેમ માટી પણ પોતાનો ગુણ દાખવે છે ને સુગંધથી દુર્ગન્ધને દૂર કરી પવિત્ર ભાવ ઉત્પન્ન કરે છે તેથીજ આપણા ગ્રંથોમા જણાવ્યા મુજબ દશવાર ડાબો હાથ અને સાતવાર બન્ને હાથ અને ત્રણ વાર પગ ધોવા લાગ્યા છીએ દાતણ પણ ગુણકારી વનસ્પતિઓ, જેવી કે અઘેડી, લીમડો, ખેર, કણજી, વગેરેના કરીએ છીએ. જે ઝાડને કાંટા હોય તે અથવા તો જેનું દૂધ ઝરતું હોય તે ઝાડના બાર આગળનાં દાતણ કરવા એમ શાસ્ત્રોમા કહ્યુ છે. તે પછી શ્રીયમુનાજીનું નામ લઈને દરરોજ ઠંડે પાણીએ નહાઈએ છીએ ઠંડે પાણીએ સારી પેઠે નહાવાથી જઠરાગ્નિ વધે છે, ઉત્સાહ તથા બળ આવે છે, આળસ તથા બગાસાં દૂર નહાસે છે, ખરાબ સ્વપ્નો આવતા નથી, શરીર તંદુરસ્ત રહે છે

ગુરુદેવ—કેમ, તમે કસરત કરો છો કે નહિ?

કૃષ્ણદાસ—હા, પ્રભો! હમણાજ અમારા ગામમાં અખાડો સ્થપાયો છે, તેમા હમેશાં સાજના જાઉં છું સવારમા તો ઘરમાજ કસરત કરવાનો સમય મળી જાય છે. દરરોજ પ્રભુને ૧૦૮ દંડવત્ પ્રણામ કરૂં છુ, તેથી "એક પંથ દો કાજ" સરે છે

ગુરુદેવ—ઠીક, તમારો નિત્ય નિયમ કેવો છે?

કૃષ્ણદાસ—નાહી રહ્યા પછી પહેલે દિવસે સૂકવેલાં પવિત્ર શુદ્ધ સ્વદેશી વસ્ત્રો પહેરૂં છુ તે પછી ઊન અથવા દર્ભના આસનપર બેસીને ચરણામૃત લઉં છુ, ત્યાર બાદ તિલક કરૂ છુ

ગુરુદેવ—પણ અત્યારે તો તમારા કપાળમા તિલક જણાતુ નથી, તેનુ કારણ શુ?

કૃષ્ણદાસ—(શરમથી નીચું જોઇને) પરસેવો હુ છતા તિલક પણ ભુસાઈ ગયું હશે.

ગુરુદેવ—એ ઠીક ન કહેવાય તિલક એટલે પરબ્રહ્મ પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણનુ ચરણકમલ. આપણે અહર્નિશ એજ ચરણકમલનો આશ્રય કરનારા છીએ એનું સ્મરણ તાજુ રહે માટે આપણે તિલક વિના એક પળ પણ નજ રહીએ, વળી સાક્ષાત્ પ્રભુનાં ચરણકમલરૂપ તિલક જેના માથામા શોભી રહ્યુ હોય તે જગતમાની કોઇ પણ દેવ-દેવીની કે રાજામહારાજાની તાબેદારી ન કરે અને કોઇથી

ડરે પણ નહિ, એકજ પ્રભુનો બની રહે આમ આપણે તિલક, નિડરપણુ, શ્રદ્ધા, વિશ્વાસ, આત્મબળ વગેરે દૈવી ગુણોની નિશાની છે એમ માનીએ, માટેજ આપણે માત્ર કપાલમાજ તિલક નથી કરતા પણ શરીરમાના મુખ્ય બાર અવયવમા તિલક કરીએ છીએ બાર ભાગ કયા તેની તો તમને ખબર હશે

કૃષ્ણદાસ—હા જે જે ! ૧ કપાલમા, ૨ નાભિપર, ૩ હૃદયમાં, ૪ કંઠમાં, ૫ જમણી કેડ પર, ૬ જમણા હાથ પર, ૭ જમણા કાનના મૂળમા, ૮ ડાબી કેડપર, ૯ ડાબા હાથપર, ૧૦ ડાબા કાનના મૂળમાં, ૧૧ પીઠની નીચે કેડ પર, ૧૨ ડોકની હડપચી ઉપર

ગુરુદેવ—બરોબર, તમે છાપાં એટલે મુદ્રા કરો છો કે નહિ ?

કૃષ્ણદાસ—ના, હું નથી કરતો મારા ઘરમા મારા પિતાશ્રી વગેરે કરે છે

ગુરુદેવ—ખેર, હાલ એટલું બસ છે મુદ્રા વિષેની સમજણ હવે પછી કોઇવાર તમને આપીશું પણ લલાટમા તિલક કર્યા પછી વચમા કંકુ, કેસર કે ચરણામૃતનું ચિન્હ તો જરૂર કરજો એ પ્રભુના ચરણકમલનો શણગાર છે તિલક પણ પ્રભુનુ પ્રસાદી કેસર અથવા કંકુનુ કે ગુલાલનુ કરવુ, લાલરંગ એ પ્રેમની નિશાની છે પ્રભુમા આપણે

વહાલ રાખીએ છીએ માટે લાલ રંગનું તિલક કરીએ છીએ વારુ, પછી જપપાઠ વગેરે કાંઇ કરો છો કે?

કૃષ્ણદાસ—વધારે તો કંઈ બનતું નથી "શ્રીકૃષ્ણ શરણં મમ" એ અષ્ટાક્ષર મંત્રની પાંચ માળા ફેરવું છું.

ગુરુદેવ—પણ આજથી તો તમારે વધારે નિત્ય નિયમ કરવો પડશે આજે તમે વૈષ્ણવ થયા, જેમ જનોઇ લીધા પછી બ્રાહ્મણનો બાળક ગાયત્રી ન જપે તો બ્રાહ્મણ મટી જાય તેમ તમે આજથી શ્રીસર્વોત્તમસ્તોત્રનો પાઠ ન કરો તો વૈષ્ણવજ મટી જાઓ. શ્રીસર્વોત્તમસ્તોત્રમાં શ્રીમહાપ્રભુજીના ૧૦૮ નામ છે એનું સ્મરણ તો હરઘડી રહેવું જોઇએ. તે ન બને તો એકવાર તો એ સ્તોત્રનો પાઠ જરૂર કરવોજ જોઇએ શ્રીમહાપ્રભુજીની કૃપાથીજ આપણને આ ભક્તિમાર્ગ ફળે છે માટે શ્રીમહાપ્રભુજીને તો આપણે ખૂબ રીઝવીએ. તે પછી શ્રીયમુનાષ્ટકનો પણ પાઠ કરવાનો છે શ્રીયમુનાજી પરમ દયાળુ છે તેઓ કૃપા કરીને આપણને સુંદર અલૌકિક દેહ આપે છે જે વડે આપણને પ્રભુની લીલાનો આનંદ પ્રાપ્ત થાય. શ્રીયમુનાષ્ટક પછી સિદ્ધાંતરહસ્ય, નવરત્ન, શ્રીકૃષ્ણાશ્રય, અને ચતુઃશ્લોકી એટલા પાઠ તો અવશ્ય કરવા સિદ્ધાંતરહસ્ય ગ્રંથમાં શ્રાવણ સુદ અગ્યારશની મધરાતે શ્રીમહાપ્રભુજીને પ્રભુ શ્રીનાથજીએ બ્રહ્મસંબંધની જે આજ્ઞા કરી તેનું

વર્ણન છે નવરત્ન ગ્રંથમા ભક્તિમાર્ગમા આવ્યા પછી કશી ચિંતા ન કરવાની શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે. પછી કૃષ્ણાશ્રય ગ્રંથ છે. આપણે અત્યારે હડહડતા કલિયુગમાથી પસાર થઇએ છીએ અત્યારે દેશકાલ અપવિત્ર થયા છે પ્રભુને મેળવવાના બધા રસ્તાઓ પણ બંધ થઈ ગયા છે આવા વિકરાળ સમયમા પ્રભુને મેળવવાનો એકજ માર્ગ રહ્યો છે, તે માર્ગ શ્રીમહાપ્રભુજીએ આ ગ્રંથમા બતાવ્યો છે શ્રીકૃષ્ણ સમા દયાળુ પ્રભુ કોણ હોય ? પોતાના દુશ્મન એવા અસુરોને પણ ઉત્તમ ગતિ આપનારા પ્રભુ શ્રીકૃષ્ણને જ જો શરણે જઇએ તોજ અત્યારે આપણો પત્તો ખાય એમ છે માટે કશુ ન બને તો શ્રીકૃષ્ણનો આશ્રય કરો, એનેજ શરણે જાઓ એવી આજ્ઞા આ ગ્રંથમા છે ચતુશ્લોકી ગ્રંથમા આપણા ચાર પુરુષાર્થ ગણાવ્યા છે સદા સર્વદા શ્રીકૃષ્ણની સેવા કરવી એમ કરતા કશી ફિકર કરવી નહિ, પ્રભુને હૃદયમા પધરાવ્યા તો બેડો પાર થયો એમ માનવુ, તેથી સ્મરણ અને સેવા કદી મુકવા નહિ, આ વાત એ ગ્રંથમા કરી છે એ પ્રમાણે આપણો જપપાઠ ચાલુ હોય તે વખતે આપણી પાસે બે ચિત્ર તો જરૂર હોવાજ જોઇએ એક શ્રીગુરુદેવનુ અને એક શ્રીઠાકુરજીનુ. એ ચિત્રની બીજી સેવા ન બને તો પછી શુદ્ધ મીશ્રીનો—સાકરનો ભોગ તો અવશ્ય

ધરવો તે પછી અષ્ટાક્ષરનો જપ કરવો શ્રીગોકુલનાથજીની ગાદીના સેવકો 'શ્રીકૃષ્ણ શરણ મમ" એના ઉપરાત "શ્રીવલ્લભ શરણ મમ" અને "શ્રીગોકુલેશ શરણ મમ' એનો પણ જપ કરે શરૂઆતમા વધુ કાઈ ન બને તો આટલો નિત્ય નિયમ તો દરેક વૈષ્ણવોએ કરવોજ જોઇએ આમાં કાઇ વધારે વખત નથી લાગતો ૨૪ કલાકમાથી અર્ધો કલાક પણ આપણે જપપાઠમા ન ગાળીએ તો વૈષ્ણવ શાના ? એક બીજુ પણ કહેવાનુ છે તમારા ગામમા જે મદિર હોય ત્યા તમારે એકવાર દર્શન કરવા જરૂર જવુ ત્યા જઇને પ્રભુની કાઇને કાઈ સેવા કરીને હાથ પવિત્ર કરવા **આટલુ તો જરૂર કરજો.** પછીથી તમને વિશેષ કર્તવ્ય બતાવીશુ.

કૃષ્ણદાસ—કૃપાનિધાન ! આપશ્રીની આજ્ઞાનો અમલ કાલથીજ થશે. આપશ્રીએ કૃપા કરીને કર્તવ્યનુ ભાન કરાવ્યુ તે માટે આપના ઋણમાથી હુ કદી છુટનાર નથી.

[શ્રીગુરુદેવ સેવામા પધારે છે અને બધા વૈષ્ણવો પ્રણામ કરીને ઘેર જાય છે]

શ્રીકૃષ્ણાય નમ ॥ શ્રીગોપીજનવલ્લભાય નમઃ ॥
શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમ ॥
શ્રીગુસાંઇજીપરમદયાલવે નમ ॥

॥ અથ મંગલાચરણમ્. ॥

ચિંતાસંતાનહંતારો યત્પાદાંબુજરેણવઃ ॥
સ્વીયાનાં તાન્નિજાચાર્યાન્ પ્રણમામિ મુહુર્મુહુઃ ॥૧॥
યદનુગ્રહતો જંતુઃ સર્વદુઃખાતિગો ભવેત્ ।
તમહં સર્વદા વંદે શ્રીમદ્વલ્લભનંદનમ્ ॥૨॥
અજ્ઞાનતિમિરાંધસ્ય જ્ઞાનાંજનશલાકયા ।
ચક્ષુરુન્મીલિતં યેન તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥૩॥
નમામિ હૃદયે શેષે લીલાક્ષીરાબ્ધિશાયિનમ્ ।
લક્ષ્મીસહસ્રલીલાભિઃ સેવ્યમાનં કલાનિધિમ્ ।૪॥
ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ત્રિભિસ્તથા ।
ષડ્ભિર્વિરાજતે યોઽસૌ પંચધા હૃદયે મમ ॥૫॥

॥ ઇતિ શ્રીમંગલાચરણં સમાપ્તમ્ ॥

॥ અથ સર્વોત્તમસ્તોત્રમ્ ॥

પ્રાકૃતધર્માનાશ્રયમપ્રાકૃતનિખિલધર્મરૂપમિતિ ।
નિગમપ્રતિપાદ્યં યત્તચ્છુદ્ધં સાકૃતિ સ્તૌમિ ॥૧॥

કલિકાલતમશ્છન્નદૃષ્ટિત્વાદ્વિદુષામપિ ।
સંપ્રત્યવિષયસ્તસ્ય માહાત્મ્યં સમભૂદ્ ભુવિ ॥૨॥

દયયા નિજમાહાત્મ્યં કરિષ્યન્પ્રકટં હરિઃ ।
વાણ્યા યદા તદા સ્વાસ્યં પ્રાદુર્ભૂતં ચકાર હિ ॥૩॥

તદુક્તમપિ દુર્બોધં સુબોધં સ્યાદ્યથા તથા ।
તન્નામાષ્ટોત્તરશતં પ્રવક્ષ્યામ્યખિલાઘહૃત્ ॥૪॥

ઋષિરગ્નિકુમારસ્તુ નામ્નાં છંદો જગત્યસૌ ।
શ્રીકૃષ્ણાસ્યં દેવતા ચ બીજં કારુણિકઃ પ્રભુઃ ॥૫॥

વિનિયોગો ભક્તિયોગપ્રતિબંધવિનાશને ।
કૃષ્ણાધરામૃતાસ્વાદસિદ્ધિરત્ર ન સંશયઃ ॥૬॥

આનંદઃ પરમાનંદઃ શ્રીકૃષ્ણાસ્યં કૃપાનિધિઃ ।
દૈવોદ્ધારપ્રયત્નાત્મા સ્મૃતિમાત્રાર્તિનાશનઃ ॥૭॥

શ્રીભાગવતગૂઢાર્થપ્રકાશનપરાયણઃ ।
સાકારબ્રહ્મવાદૈકસ્થાપકો વેદપારગઃ ॥૮॥

માયાવાદનિરાકર્ત્તા સર્વવાદિનિરાસકૃત્ ।
ભક્તિમાર્ગાબ્જમાર્ત્તણ્ડઃ સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમઃ ॥૯॥
અંગીકૃતૌ સમર્યાદો મહાકારુણિકો વિભુઃ ॥૧૦॥
અદેયદાનદક્ષશ્ચ મહોદારચરિત્રવાન્ ।
પ્રાકૃતાનુકૃતિવ્યાજમોહિતાસુરમાનુષઃ ॥૧૧॥
વૈશ્વાનરો વલ્લભાખ્યઃ સદ્રૂપો હિતકૃત્સતામ્ ।
જનશિક્ષાકૃતે કૃષ્ણભક્તિકૃન્નિખિલેષ્ટદઃ ॥૧૨॥
સર્વલક્ષણસંપન્નઃ શ્રીકૃષ્ણજ્ઞાનદો ગુરુઃ ।
સ્વાનંદતુન્દિલઃ પદ્મદલાયતવિલોચનઃ ॥૧૩॥
કૃપાદૃગ્વૃષ્ટિસંહૃષ્ટદાસદાસીપ્રિયઃ પતિઃ ।
રોષદૃક્પાતસંપ્લુષ્ટભક્તદ્વિડ્ ભક્તસેવિતઃ ॥૧૪॥
સુખસેવ્યો દુરારાધ્યો દુર્લભાંઘ્રિસરોરુહઃ ।
ઉગ્રપ્રતાપો વાક્સીધુપૂરિતાશેષસેવકઃ ॥૧૫॥
શ્રીભાગવતપીયૂષસમુદ્રમથનક્ષમઃ ।
તત્સારભૂતરાસસ્ત્રીભાવપૂરિતવિગ્રહઃ ॥૧૬॥
સાન્નિધ્યમાત્રદત્તશ્રીકૃષ્ણપ્રેમા વિમુક્તિદઃ ।
રાસલીલૈકતાત્પર્યઃ કૃપયૈતત્કથાપ્રદઃ ॥૧૭॥

વિરહાનુભવૈકાર્થસર્વત્યાગોપદેશકઃ ।
ભક્ત્યાચારોપદેષ્ટા ચ કર્મમાર્ગપ્રવર્ત્તકઃ ॥૧૮॥
યાગાદૌ ભક્તિમાર્ગૈકસાધનત્વોપદેશકઃ ।
પૂર્ણાનંદઃ પૂર્ણકામો વાક્પતિર્વિબુધેશ્વરઃ ॥૧૯॥
કૃષ્ણનામસહસ્રસ્ય વક્તા ભક્તપરાયણઃ ।
ભક્ત્યાચારોપદેશાર્થનાનાવાક્યનિરૂપકઃ ॥૨૦॥
સ્વાર્થોજ્ઝિતાખિલપ્રાણપ્રિયસ્તાદૃશવેષ્ટિતઃ ।
સ્વદાસાર્થકૃતાશેષસાધનઃ સર્વશક્તિધૃક્ ॥૨૧॥
ભુવિ ભક્તિપ્રચારૈકકૃતે સ્વાન્વયકૃત્પિતા ।
સ્વવંશે સ્થાપિતાશેષસ્વમાહાત્મ્યઃ સ્મયાપહઃ ॥૨૨॥
પતિવ્રતાપતિઃ પારલૌકિકૈહિકદાનકૃત્ ।
નિગૂઢહૃદયોનન્યભક્તેષુ જ્ઞાપિતાશયઃ ॥૨૩॥
ઉપાસનાદિમાર્ગાતિમુગ્ધમોહનિવારકઃ ।
ભક્તિમાર્ગે સર્વમાર્ગવૈલક્ષણ્યાનુભૂતિકૃત્ ॥૨૪॥
પૃથક્શરણમાર્ગોપદેષ્ટા શ્રીકૃષ્ણહાર્દવિત્ ।
પ્રતિક્ષણનિકુંજસ્થલીલારસસુપૂરિતઃ ॥૨૫॥
તત્કથાક્ષિપ્તચિત્તસ્તદ્વિસ્મૃતાન્યો વ્રજપ્રિયઃ ।
પ્રિયવ્રજસ્થિતિઃ પુષ્ટિલીલાકર્ત્તા રહઃપ્રિયઃ ॥૨૬॥

ભક્તેચ્છાપૂરકઃ સર્વાજ્ઞાતલીલોતિમોહનઃ ।
સર્વાસક્તો ભક્તમાત્રાસક્તઃ પતિતપાવનઃ ॥૨૭॥
સ્વયશોગાનસંહૃષ્ટહૃદયાંભોજવિષ્ટરઃ ।
યશઃપીયૂષલહરીપ્લાવિતાન્યરસઃ પરઃ ॥૨૮॥
લીલામૃતરસાર્દ્રાર્દ્રીકૃતાખિલશરીરભૃત્ ।
ગોવર્દ્ધનસ્થિત્યુત્સાહસ્તલ્લીલાપ્રેમપૂરિતઃ ॥૨૯॥
યજ્ઞભોક્તા યજ્ઞકર્તા ચતુર્વર્ગવિશારદઃ ।
સત્યપ્રતિજ્ઞસ્ત્રિગુણાતીતો નયવિશારદઃ ॥૩૦॥
સ્વકીર્તિવર્ધનસ્તત્ત્વસૂત્રભાષ્યપ્રદર્શકઃ ।
માયાવાદાખ્યતૂલાગ્નિર્બ્રહ્મવાદનિરૂપકઃ ॥૩૧॥
અપ્રાકૃતાખિલાકલ્પભૂષિતઃ સહજસ્મિતઃ ।
ત્રિલોકીભૂષણં ભૂમિભાગ્યં સહજસુંદરઃ ॥૩૨॥
અશેષભક્તસપ્રાર્થ્યચરણાબ્જરજોધનઃ ।
ઇત્યાનંદનિધેઃ પ્રોક્તં નામ્નામષ્ટોત્તરં શતમ્ ॥૩૩॥
શ્રદ્ધાવિશુદ્ધબુદ્ધિર્યઃ પઠત્યનુદિનં જનઃ ।
સ તદેકમનાઃ સિદ્ધિમુક્તાં પ્રાપ્નોત્યસંશયમ્ ॥૩૪॥
તદપ્રાપ્તૌ વૃથા મોક્ષસ્તદાપ્તૌ તદ્ગતાર્થતા ।
અતઃ સર્વોત્તમં સ્તોત્ર જપ્યં કૃષ્ણરસાર્થિભિઃ ॥૩૫॥
ઇતિ શ્રીમદગ્નિકુમારપ્રોક્તં સર્વોત્તમસ્તોત્ર સંપૂર્ણમ્ ॥

॥ અથ શ્રીયમુનાષ્ટકમ્ ॥

નમામિ યમુનામહં સકલસિદ્ધિહેતું મુદા
મુરારિપદપંકજસ્ફુરદમંદરેણૂત્કટામ્ ॥
તટસ્થનવકાનનપ્રકટમોદપુષ્પાંબુના
સુરાસુરસુપૂજિતસ્મરપિતુઃ શ્રિયં બિભ્રતીમ્ ॥ ૧॥
કલિંદગિરિમસ્તકે પતદમંદપૂરોજ્જવલા
વિલાસગમનોલ્લસત્પ્રકટગંડશૈલોન્નતા ॥
સઘોષગતિદંતુરા સમધિરૂઢદોલોત્તમા
મુકુંદરતિવર્ધિની જયતિ પદ્મબંધોઃ સુતા ॥ ૨ ॥
ભુવં ભુવનપાવનીમધિગતામનેકસ્વનૈઃ
પ્રિયાભિરિવ સેવિતાં શુકમયૂરહંસાદિભિઃ ॥
તરંગભુજકંકણપ્રકટમુક્તિકાવાલુકા-
નિતંબતટસુંદરીં નમત કૃષ્ણતુર્યપ્રિયામ્ ॥ ૩ ॥
અનંતગુણભૂષિતે શિવવિરંચિદેવસ્તુતે
ઘનાઘનનિભે સદા ધ્રુવપરાશરાભીષ્ટદે ॥
વિશુદ્ધમથુરાતટે સકલગોપગોપીવૃતે
કૃપાજલધિસંશ્રિતે મમ મનઃ સુખં ભાવય ॥ ૪ ॥

યયા ચરણપદ્મજા મુરરિપોઃ પ્રિયંભાવુકા
સમાગમનતોભવત્સકલસિદ્ધિદા સેવતામ્ ।
તયા સદૃશતામિયાત્કમલજાસપત્નીવ યત્
હરિપ્રિયકલિંદયા મનસિ મે સદા સ્થીયતામ્ ॥૫॥

નમોસ્તુ યમુને સદા તવ ચરિત્રમત્યદ્ભુતં
ન જાતુ યમયાતના ભવતિ તે પયઃપાનતઃ ॥
યમોપિ ભગિનીસુતાન્ કથમુ હંતિ દુષ્ટાનપિ
પ્રિયો ભવતિ સેવનાત્તવ હરેર્યથા ગોપિકાઃ ॥ ૬ ॥

મમાસ્તુ તવ સન્નિધૌ તનુનવત્વમેતાવતા
ન દુર્લભતમા રતિર્મુરરિપૌ મુકુંદપ્રિયે ॥
અતોસ્તુ તવ લાલના સુરધુની પરં સંગમાત્
તવૈવ ભુવિ કીર્તિતા ન તુ કદાપિ પુષ્ટિસ્થિતૈઃ ॥૭॥

સ્તુતિં તવ કરોતિ કઃ કમલજાસપત્નિ પ્રિયે
હરેર્યદનુસેવયા ભવતિ સૌખ્યમામોક્ષતઃ ॥
ઇયં તવ કથાધિકા સકલગોપિકાસંગમઃ
સ્મરશ્રમજલાણુભિઃ સકલગાત્રજૈઃ સંગમઃ ॥ ૮ ॥

તવાષ્ટકમિદં મુદા પઠતિ સૂરસૂતે સદા
સમસ્તદુરિતક્ષયો ભવતિ વૈ મુકુંદે રતિઃ ॥

તયા સકલસિદ્ધયો મુરરિપુશ્ચ સંતુષ્યતિ
સ્વભાવવિજયો ભવેદ્વદતિ વલ્લભઃ શ્રીહરેઃ ॥ ૯ ॥
ઇતિ શ્રીમદ્વલ્લભાચાર્યવિરચિત શ્રીયમુનાષ્ટકં સંપૂર્ણમ્

॥ અથ સિદ્ધાંતરહસ્યં ॥

શ્રાવણસ્યામલે પક્ષે એકાદશ્યાં મહાનિશિ ।
સાક્ષાદ્ભગવતા પ્રોકતં તદક્ષરશ ઉચ્યતે ॥ ૧ ॥
બ્રહ્મસંબન્ધકરણાત્સર્વેષાં દેહજીવયોઃ ।
સર્વદોષનિવૃત્તિર્હિ દોષાઃ પંચવિધાઃ સ્મૃતાઃ ॥૨॥
સહજા દેશકાલોત્થા લોકવેદનિરૂપિતાઃ ॥
સંયોગજાઃ સ્પર્શજાશ્ચ ન મંતવ્યાઃ કથંચન ॥૩॥
અન્યથા સર્વદોષાણાં ન નિવૃત્તિઃ કથંચન ।
અસમર્પિતવસ્તૂનાં તસ્માદ્વર્જનમાચરેત્ ॥ ૪ ॥
નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાદિતિસ્થિતિઃ ।
ન મતં દેવદેવસ્ય સામિભુકતં સમર્પણમ્ ॥ ૫ ॥
તસ્માદાદૌ સર્વ કાર્યે સર્વવસ્તુસમર્પણમ્ ।
દત્તાપહારવચનં તથા ચ સકલં હરેઃ ॥ ૬ ॥

ન ગ્રાહ્યમિતિ વાક્યં હિ ભિન્નમાર્ગ પરં મતમ્ ।
સેવકાનાં યથા લોકે વ્યવહારઃપ્રસિધ્યતિ ॥ ૭ ॥
તથા કાર્યં સમર્પ્યૈવ સર્વેષાં બ્રહ્મતા તતઃ ।
ગંગાત્વં સર્વદોષાણાં ગુણદોષાદિવર્ણના ॥
ગંગાત્વેન નિરૂપ્યા સ્યાત્તદ્વદત્રાપિ ચૈવ હિ ॥ ૮ ॥

॥ ઇતિ શ્રીમદ્વલ્લભદીક્ષિતવિરચિતં સિદ્ધાંતરહસ્યં સંપૂર્ણમ્ ॥

॥ અથ નવરત્નસ્તોત્રમ્ ॥

ચિંતા કાપિ ન કાર્યા નિવેદિતાત્મભિઃ કદાપીતિ ।
ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીં ચ ગતિમ્ ૧
નિવેદનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદૃશૈર્જનૈઃ ।
સર્વેશ્વરશ્ચ સર્વાત્મા નિજેચ્છાતઃ કરિષ્યતિ ॥ ૨ ॥
સર્વેષાં પ્રભુસંબંધો ન પ્રત્યેકમિતિસ્થિતિઃ ॥
અતોન્યવિનિયોગેપિ ચિંતા કા સ્વસ્ય સોપિ ચેત્ ॥૩॥

અજ્ઞાનાદથવા જ્ઞાનાત્કૃતમાત્મનિવેદનમ્ ॥
યૈઃ કૃષ્ણસાત્કૃતપ્રાણૈસ્તેષાં કા પરિદેવના ॥ ૪ ॥
તથા નિવેદને ચિંતા ત્યાજ્યા શ્રીપુરૂષોત્તમે ॥
વિનિયોગેપિ સા ત્યાજ્યા સમર્થો હિ હરિઃ સ્વતઃ ॥૫॥
લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ ॥
પુષ્ટિમાર્ગસ્થિતો યસ્માત્ સ સાક્ષિણો ભવતાખિલાઃ ॥૬॥
સેવાકૃતિર્ગુરોરાજ્ઞાબાધનં વા હરીચ્છયા ॥
અતઃ સેવાપરં ચિત્તં વિધાય સ્થીયતાં સુખમ્ ॥૭॥
ચિત્તોદ્વેગં વિધાયાપિ હરિર્યદ્યત્કરિષ્યતિ ।
તથૈવ તસ્ય લીલેતિ મત્વા ચિંતાં દ્રુતં ત્યજેત્ ॥૮॥
તસ્માત્સર્વાત્મના નિત્યં શ્રીકૃષ્ણઃ શરણં મમ ।
વદદ્ભિરેવ સતતં સ્થેયમિત્યેવ મે મતિઃ ॥૯॥

॥ ઇતિ શ્રીમદ્વલ્લભાચાર્યવિરચિતં નવરત્નસ્તોત્રં સમ્પૂર્ણમ્ ॥

॥ શ્રીકૃષ્ણાશ્રય: ॥

સર્વમાર્ગેષુ નષ્ટેષુ કલૌ ચ ખલધર્મિણિ ।
પાષણ્ડપ્રચુરે લોકે કૃષ્ણ એવ ગતિર્મમ ॥૧॥
મ્લેચ્છાક્રાન્તેષુ દેશેષુ પાપૈકનિલયેષુ ચ ।
સત્પીડાવ્યગ્રલોકેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥૨॥
ગંગાદિતીર્થવર્યેષુ દુષ્ટૈરેવાવૃતેષ્વિહ ।
તિરોહિતાધિદૈવેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥૩॥
અહંકારવિમૂઢેષુ સત્સુ પાપાનુવર્તિષુ ।
લાભપૂજાર્થયત્નેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥૪॥
અપરિજ્ઞાનનષ્ટેષુ મંત્રેષ્વવ્રતયોગિષુ ।
તિરોહિતાર્થદૈવેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥૫॥
નાનાવાદવિનષ્ટેષુ સર્વકર્મવ્રતાદિષુ ।
પાષંડૈકપ્રયત્નેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥૬॥
અજામિલાદિદોષાણાં નાશકોનુભવે સ્થિતઃ ।
જ્ઞાપિતાખિલમાહાત્મ્યઃ કૃષ્ણ એવ ગતિર્મમ ॥૭॥
પ્રાકૃતાઃ સકલા દેવા ગણિતાનંદકં બૃહત્ ।
પૂર્ણાનંદો હરિસ્તસ્માત્કૃષ્ણ એવ ગતિર્મમ ॥૮॥
વિવેકધૈર્યભક્ત્યાદિરહિતસ્ય વિશેષતઃ

પાપાસક્તસ્ય દીનસ્ય કૃષ્ણ એવ ગતિર્મમ ॥૯॥
સર્વસામર્થ્યસહિતઃ સર્વત્રૈવાખિલાર્થકૃત્ ।
શરણસ્થસમુદ્ધારં કૃષ્ણં વિજ્ઞાપયામ્યહમ્ ॥૧૦॥
કૃષ્ણાશ્રયમિદં સ્તોત્રં યઃ પઠેત્કૃષ્ણસંનિધૌ ॥
તસ્યાશ્રયો ભવેત્કૃષ્ણ ઇતિ શ્રીવલ્લભોઽબ્રવીત્ ॥૧૧॥

ઇતિ શ્રીમદ્વલ્લભાચાર્યવિરચિતઃ શ્રીકૃષ્ણાશ્રયઃ સંપૂર્ણઃ ॥

॥ અથ ચતુઃશ્લોકી ॥

સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ ।
સ્વસ્યાયમેવ ધર્મો હિ નાન્યઃકવાપિ કદાચન ॥૧॥
એવં સદા સ્મ કર્તવ્યં સ્વયમેવ કરિષ્યતિ ॥
પ્રભુઃ સર્વસમર્થો હિ તતો નિશ્ચિંતતાં વ્રજેત્ ॥૨॥
યદિ શ્રીગોકુલાધીશો ધૃતઃ સર્વાત્મના હૃદિ ।
તતઃ કિમપરં બ્રૂહિ લૌકિકૈર્વૈદિકૈરપિ ॥ ૩ ॥
અતઃ સર્વાત્મના શશ્વદ્ગોકુલેશ્વરપાદયોઃ ।
સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમિતિ મે મતિઃ ॥૪॥
॥ઇતિ શ્રીમદ્વલ્લભાચાર્યવિરચિતા ચતુઃશ્લોકી સમાપ્તા॥

કેમ વર્તવું ?

ગામમા શ્રી ગોસ્વામી બાળકોના સેવ્ય સ્વરૂપના મંદિરોમા દર્શન કરવા જવુ જોડા બહાર કાઢવા, શ્રી. ઠાકુરજી કે ગુરુદેવ પાસે છત્રી, લાકડી કે હથીઆર રાખીને જવુ નહિ દર્શન કરવા માટે ધક્કામુક્કી ન કરવી દર્શન માટે થાભલા વગેરે મંદિરના કોઇ પણ ભાગ ઉપર ચડવુ નહિ દર્શનની વાર હોય તો વ્યર્થ વાતોમા કે નિંદામા સમય ન ગુમાવતા જે બને તે સેવા કરવી, કે પ્રભુનું નામ લેવુ, દર્શન કરીને પુઠ દઈ બહાર નીકળવુ નહિ. ગુરુ દર્શન પણ અવશ્ય કરવા શ્રીગુરુદેવ ઉપર લૌકક ભાવે જોવું નહિ ગુરુના ચરણસ્પર્શ કરવા, ગુરુ પાસે કે મંદિરમા પગપર પગ ચઢાવી બેસવું નહિ. મંદિરમા ગુરુના ચરણસ્પર્શ કે ગુરુને ભેટ થાય નહિ, ઉપર બેઠકમા થાય જેવી ભક્તિ દેવમા હોય તવીજ ગુરુમા રાખવી એમ વેદ કહે છે

પવિત્ર થઇને પ્રસાદ લેવો પ્રભુને સમર્પ્યા વિનાની કોઈ પણ વસ્તુ લેવી નહિ. ગીતામા પણ તેવીજ આજ્ઞા ભગવાને કરેલી છે. મંદિરમાથી મહાપ્રસાદ પોતાને ત્યા પધારે તો તેને ભગવત્સ્વરૂપ જાણીને સત્કારપૂર્વક પધરાવવો દક્ષિણ દિશા ભણી મોઢુ કરીને જમવુ નહિ શ્વાસે શ્વાસે પ્રભુનું નામ લેવું. અન્નની નિંદા ન કરવી. પોતે પાટલા ઉપર બેસીને પાતલ જમીન ઉપર રાખીને જમવુ નહિ

લોઢાના કે તાબાના વાસણુમા જમવુ નહિ સધ્યા સમયે જમવુ નહિ આહાર તેવો ઓડકાર એ કહેવત પ્રમાણે ડુગળી, લસણુ વગેરે તામસ પદાર્થોથી દૂર રહેવું. તેમ અપવિત્ર માણુસોના સ્પર્શથી દૂષિત થયલુ અન્ન કે જળ પણુ લેવુ નહિ, જલ ઉંચેથી લેવુ ચોવીસ એકાદશી અને રામનવમી, નૃસિંહ ચતુર્દશી, જન્માષ્ટમી, વામનદ્વાદશી એ ચાર જયતીને દિવસે વ્રત કરવું, વ્રતને દિવસે પાનસોપારી, તેલમા બનાવેલા પદાર્થો, મીઠુ મરચુ તેમજ કેફી પદાર્થ લેવા નહિં, હજામત ન કરાવવી. આ સિવાય (૨૮ વ્રતો સિવાય) બીજા કોઇ વ્રતો કરવા નહિ એક સર્વ જગત્‌ના નાથ શ્રીકૃષ્ણુ વિના અન્યમાં અનન્ય પ્રેમલક્ષણા ભક્તિ ન કરવી.

અતિથિનો સત્કાર કરવો, માતાપિતા તરફ પૂજ્ય ભાવ રાખવો. એઓની આજ્ઞાનું ઉલ્લઘન કરવુ નહિ દરેક કાર્યો તેઓની આજ્ઞાથીજ કરવા તેઓની સામે કાંઈ પણુ કહેવું નહિ. તેઓનું દિલ દુખાવવુ નહિ માતાપિતાએ પણુ પોતાના કુળની મર્યાદા જાળવી રાખવી. પોતાના પુત્રના પ્રેમને લીધે પુત્રની રીતભાત તરફ કેટલાક માબાપો બેદરકાર રહે છે, તેથી પુત્રો આજકાલના જમાનામા સસ્તી થઇ પડેલી ભ્રષ્ટ કરનારી હોટલોમા જઇને ધર્મ ગુમાવે છે, તેથી પુત્રોપર અકુશ રાખવો, અને તેની હીલચાલપર સપૂર્ણુ ધ્યાન રાખવુ.

સાંજના નાહી ધોઇને ચરણામૃત લઈને, તિલક કરીને વાળુ કરવુ. પછી સત્સંગ કરવો, મહાનુભાવી ભગવદીયોની વાર્તાઓ અને ભગવાનના ગુણોનું ગાન કરીને ચરણામૃત લઈને પ્રભુસ્મરણ કરીને સુઈ જવુ.

કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ છ દુશ્મનો છે, તેથી સાવધ રહેવુ. ક્રોધ થાય તો હાથ પગ ધોઇને ચરણામૃત લેવું સર્વ પ્રાણી માત્રપર દયા રાખવી, વિશ્વાસઘાત ન કરવો, ઇંદ્રિયો ઉપર કાબુ રાખવો, સૂતકીનો સ્પર્શ ન કરવો, ઉંમરા ઉપર બેસવું નહિ, દીવાને ફુંક ન મારવી, ભગવદ્ગુણો ખુરસી કે કોચપર બેસી ગાવા નહિ, ગુરુની પાસે પણ તેવા ઉચ્ચ આસને બેસવુ નહિ નકામો કોઇ સાથે વાદવિવાદ ન કરવો, ખોટો ડાળ કરવો નહિ, નાસ્તિક વેદનિંદક, ચંડાળ આદિનો પડછાયો પણ લેવો નહિ. દરેક સમયે સદાચારી અને પવિત્ર રહેવું એ પ્રમાણે વર્તવાથી પોતાનો ઉદ્ધાર થાય છે

પ્રકાશક—વસંતરામ હરિકૃષ્ણ શાસ્ત્રી,
શ્રીદેવકીનંદન નિવાસ, સ્ટેશન પાસે—અમદાવાદ
મુદ્રક—સોમાલાલ મંગળદાસ શાહ,
ધી ગુજરાત પ્રિન્ટિંગ પ્રેસ, પાચકુવા—અમદાવાદ

વૈષ્ણવબાલશિક્ષા.

પહેલો ભાગ—સવારે પથારીમાથી ઉઠતાવેત અને પછીથી ટુંકામા ટુંકો નિત્ય નિયમ કેવો હોવો જોઇએ ? ચિતાર આ નાના ગ્રથમા છે. દશ હજાર નકલો ખપી ગઇ ત્રીજી વાર ૧૦ હજાર નકલો છાપી છે. છુટક નકલના ત્રણ અને ૧૦૦ નકલના ૪ રૂપીઆ

બીજો ભાગ—આ ભાગ તો નાના બાળકો હોશથી ખુશ થઇને વાચ્યાજ કરશે પરિણામે દરેક બાલક શ્રીકૃષ્ણનો ભક્ત બનશે. પાંચ હજાર નકલો ખપી ગઈ છે નવી આ છપાય છે છુટક નકલના છ પૈસા અને ૧૦૦ નકલના ૮ રૂપી

ત્રીજો ભાગ—આ ભાગ તો ઘણો જ સરસ છે, પ્રભુની અવનવી લીલાઓના પાઠો આ ભાગમા અદ્ભુત રીતે ગોઠવ્યા છે ઉપરાત આચાર વિચારો તથા સ્વદેશીનુ રહસ્ય સમજાવનારા પાઠો આ ભાગમા છે ૧૦૦ પાના છતા છુટક નકલના માત્ર બે આના. ૧૦૦ નકલના માત્ર ૧૧ રૂપીઆ.

શ્રીદયારામવાણી—દયારામભાઇના ઉત્તમ સિદ્ધાંતદર્શક પદોનો આ નાનકડો સંગ્રહ છે. બધાં પદો રોજ ગાવા લા છે છુટક નકલનો માત્ર ૧ આનો, ૧૦૦ નકલના પાચ રૂપી

લગ્નગીત—બ્હેનો લગ્નના વખતમાં ગમે તેવાં ફટાણાં છે, તેને બદલે આવાં ગીતો ગાય તો કેવું મજાનું ? દીનકિંકરે આ ગીતો લખીને આખા સાહિત્યમાં નવો ઉ કર્યો છે. છુટક નકલના બે આના, ૧૦૦ નકલના દશ રૂપીઆ

બધામા ટપાલ ખરચ કે રેલ્વે ખરચ ગ્રાહકોને શિર સમજ